ભારતીની મોટી સિદ્ધી : ભારતમાં પ્રથમ ૪જી સેવા શરૂ

નવી દિલ્હી,તા. ૧૦

ભારતી એરટેલે આજે વધુ એક મોટી સિદ્ધી મેળવી લિધી હતી. એરટેલે ભારતમાં પ્રથમ ૪જી સેવા શરૂ કરીને પોતાની કુશળતા સાબિત કરી છે. ભારતી એરટેલે પ્રાથમિક તબ્બકામાં કોલકાતામાં દેશની પ્રથમ ચોથી પેઢીના મોબાઇલ સેવા શરૂ કરી હતી. અને દાવો કર્યો હતો કે કટીંગ એજ ટેકનોલોજી વાણિજ્ય રીતે ગોઠવનાર ભારત વિશ્વના ખૂબજ ઓછા દેશોમાં સામેલ થઇ જશે. ટેલિકોમ પ્રધાન કપિલ સિબ્બલે એરટેલની ૪જી (ટીડી-એલટીઇ) સેવા શરૂ કરી હતી. હાલમાં એરટેલની કોલકાતામાં ૪જીની

કિંમત ૬ જીબીના યુઝેસ સાથે ૯૯૯માં શરૂ થઇ છે. વાઇફાઇ સાધન (ઇન્ડોર સીપીઇ)ની કિંમત ૭૭૫૦ રાખવામાં આવી છે. જ્યારે મલ્ટીમોડ ડોંગલની કિંમત ૭૯૯૯

૪જીની સાથે સાથે....

- ભારતી એરટેલે કોલકાતામાં ૪જી સેવા શરૂ કરી
- દેશમાં ૪જી વાયરલેસ સેવા શરૂ કરનાર એરટેલ દેશની પ્રથમ કંપની
- હાલમાં કોલકાતામાં એરટેલની ૪જી કિંમત ૬ જીબીના યુઝ સાથે ૯૯૯થી શરૂ
- વાઇફાઇ સાધનની કિંમત ૭૭૫૦
- ૪જી મલ્ટીમોડ ડોંગલની કિંમત ૭૯૯૯
- પ્રવર્તમાન ઉજી સેવામાં ડાઉનલોડ સ્પિડ ૨૧ મેગાબાઇટ્સ પ્રતિસેકન્ડ છે
- ૪જીમાં ડાઉનલોડ સ્પિડ ૧૦૦ મેગાબાઇટ્સ પ્રતિસેકન્ડ છે.
- ઉજીની સરખામણીમાં ૪જીમાં ડાઉનલોડ સ્પિડ પાંચ ગણી વધારે
- કંપનીએ ચાર ટેલીકોમ સર્કલમાં ૨૦૧૦માં બીડબલ્યૂએ સ્પેક્ટ્રમ મેળવ્યા હતા
- આના માટે એરટેલે ૩૩૧૪.૩૬ કરોડ ચૂકવ્યા હતા

રાખવામાં આવી છે. પ્રવર્તમાન ઉજીની સરખામણીમાં આ સેવા વધુ ઝડપી હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. ઉજી સેવા ૨૧ એમબીપીએસ (મેગા બાઇટ્સ પ્રતી સેકન્ડ)ની ડાઉનલોડ ઝડપ ઉપલબ્ધ કરાવે છે. જ્યારે ૪જીમાં ઉજીની સરખામણીમાં ઝડપ પાંચ ઘણી વધારે છે. ૧૦૦ મેગા બાઇટ્સ પ્રતી સેકન્ડની ડાઉનલોડ સ્પીડ ૪જીમાં રહેશે. ટેલિકોમ કંપની ભારતી એરટેલે ટિડી-એલટીઇ અથવા તો એરટેલની ૪જી સેવાનો ઉપયોગ કરવા નોકિયા સીમન્સ નેટવર્કની નિમણૂંક કરી છે. ૪જી ટેકનોલોજી પૈકીની એક ટિડી-એલટીઇનો ઉપયોગ કરવા મહારાષ્ટ સર્કલમાં એનએસએમને નિમણૂંક કરાઇ છે. કોલકાતામાં આ લોન્ચની સાથે જ એરટેલ દેશમાં ૪જી વાયરલેસ સેવા શરૂ કરનાર પ્રથમ કંપની બની ગઇ છે. કંપનીએ ચાર ટેલીકોમ સર્કલ કોલકાતા, મહારાષ્ટ્ર, પંજાબ અને કર્ણાટકમાં ૨૦૧૦માં ૩૩૧૪.૩૬ કરોડની કિંમતે બીડબલ્યુએ સ્પેક્ટ્રમ મેળવ્યા હતા.

ઇન્ડેક્ષ ૨૨ પોઇન્ટ સુધરી ૧૭૨૪૪ની સપાટી ઉપર

મુંબઈ,તા. ૧૦

શેરબજારમાં આજે ફ્લેટ સ્થિતિ રહી હતી. કારોબારના અંતે સેંસેક્સ ૨૨ પોઈન્ટ સુધરીને ૧૭૨૪૪ની સપાટીએ રહ્યો હતો. એક વખતે સેંસેક્સ ૧૭૨૭૦ સુધી પહોંચ્યો હતો. નિફ્ટી ૯ પોઈન્ટ સુધરી ૫૨૪૪ની સપાટીએ રહેતા રોકાણકારોમાં આશા રહી હતી. એક વખતે નિફ્ટીએ ૫૨૫૦ની સપાટી મેળવી લીધી હતી પરંતુ અંતે ફરી વાર આ સપાટી ગુમાવી દીધી હતી. એશિયન બજારોમાં જાપાનના નિક્કીમાં સતત છઠ્ઠા દિવસે ઘટાડો થયો હતો. બેંક ઓફ જાપાને પોલિસી મીટિંગમાં હળવા પગલા લેવા કોઈ શંકેત ન અપાત જાપાનના બજારોમાં કડાકો બોલી ગયો હતો. આવી જ રીતે નિક્કીમાં ૮.૨૪ ટકાનો ઘટાડો રહ્યો હતો. જુલાઈ ૨૦૦૯ બાદથી જાપાનના બજારમાં સતત સૌથી લાંબો ગાળો ઘટાડાનો રહ્યો છે. સેક્ટરલ ઈન્ડેક્ષમાં એફએમસીજીમાં ૨ ટકાનો સુધારો થયો હતી. ઓઈલ એન્ડ ગેસ, આઈટી, મેટલ અને કેપટિલ ગુડસના શેરમાં ૦.૭થી ૧ ટકા સુધીનો ઘટાડો રહ્યો હતો. તાતા પાવરના શેરમાં ૩.૮ ટકાનો જ્યારે તાતા મોટર્સમાં ૨.૯ ટકાનો સુધારો થયો હતો. એફએમસીજીના મોટા શેર આઈટીસી અને હિન્દુસ્તાન યુનિલિવરમાં ક્રમશઃ ૨.૨ અને ૨.૬ ટકાનો સુધારો જોવા મળ્યો હતો. બજારમાં આજે બીએસઈમાં કુલ ૧૪૩૦ શેર મંદીમાં અને ૧૩૩૮ શેરતેજીમાં રહ્યા હતા.

પક્ષ એકમોમાં મોટા ફેરફાર કરવાની કોંગ્રેસની હિલચાલ

નવી દિલ્હી,તા.૧૦

ઉત્તરપ્રદેશ સહિત તાજેતરમાં યોજાયેલી પાંચ રાજ્યોની વિધાનસભાની ચૂંટણીમાં કારમી હારનો સામનો કર્યા બાદ કોંગ્રેસે પણ હવે ધરખમ ફેરફાર કરવા તૈયારી કરી લીધી છે. વર્ષ ૨૦૧૪માં યોજાનારી ચૂંટણીની તૈયારી કોંગ્રેસે પહેલાથી જ શરૂ કરી દીધી છે. કેટલાક રાજ્યોમાં પાર્ટી એકમોમાં ધરખમ ફેરફાર કરવામાં આવે તેવી શકયતા છે. વર્ષ ૨૦૧૪માં સામાન્ય ચૂંટણી યોજાનાર છે. કેન્દ્રમાં પણ ફેરફાર કરવામાં આવી શકે છે. રાજ્યોમાં બાબતોનો હવાલો સંભાળતા હોદેદારોને બદલાની કવાયત ઉપર વિચારણા શરૂ થઈ ચુકી છે. પક્ષના એક વરિષ્ઠ નેતાએ કહ્યું છે કે આ ફેરફારોને ખૂબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. ઉત્તરપ્રદેશમાં કારમી

હાર થઈ ગયા બાદ કોંગ્રેસના જનરલ સેક્રેટરી રાહુલ ગાંધીએ પક્ષના માળખામ ધરખમ ફેરફાર કરવાનો સંકેત આપ્યો હતો. પક્ષના એકમો અને કન્દ્રીય સ્તરીય ફેરફાર એકે એન્ટોનીના નેતૃત્વમાં પેનલ દ્વારા કરવામાં આવનાર ભલામણ બાદ કરવામાં આવશે. હાલમાં ઉત્તરપ્રદેશ, પંજાબ અને ગોવામાં કારમી હાર થઈ હતી. કોંગ્રેસના વરિષ્ઠ નેતાએ એકે એન્ટોનીના કેટલાક કોંગ્રેસ શાસિત રાજ્યોમાં સંસ્થામાં પણ ધરખમ ફેરફાર કરવામાં આવી શકે છે. નેતાઓનું કહેવું છે કે વર્ષ ૨૦૧૪માં યોજાનારી સંસદીય ચૂંટણીના પડકારોને ધ્યાનમાં લઈને પક્ષમાં નવા ચહેરાઓને પૂરતી તક આપવામાં આવી શકે છે. પાર્ટી હાઈકમાન્ડ ઉત્તરપ્રદેશમાં વ્યાપક ફેરફાર કરવાના મુડમાં છે. આ ઉપરાંત રાજયના પક્ષ વડાઓ બિહાર, પશ્ચિમ બંગાળ અને મુંબઈમાં પણ ફેરફાર કરવામાં આવશે. ઉત્તરપ્રદેશમાં જિલ્લા સ્તરે ધરખમ ફેરફાર કરવાની શકયતા છે. મહારાષ્ટ્ર, રાજસ્થાન, છત્તાસગઢ, પશ્ચિમ બંગાળ, તમિલનાડુ અને આંધ્રપ્રદેશના પક્ષમાં દિન પ્રતિદિન નારજગી વધી રહી છે. આવા સમયમાં પક્ષને વધુ કંગાળ પરિણામો સામનો કરવો પડી શકે છે. આ તમામ બાબતોને ધ્યાનમાં લઈને કોંગ્રેસમાં વ્યાપક ફેરફાર કરવાની તૈયારી કરી લેવામાં આવી છે. કોઈપણ સમયે હવે ફેરફારનો દોર શરૂ થશે. પરંતુ સૌથી પહેલા એકે એન્ટોનીના રિપોર્ટની રાહ જોવામાં આવશે.

મર્સડીસ કારની ટક્કરથી કોન્સ્ટેબલનું થયેલું મોત

નવી દિલ્હી,તા. ૧૦

નવી દિલ્હીમાં પશ્ચિમ વિહારા મર્સડીસ કાર ફરી વળતા એક પોલીસ જવાનનુ કચડાઈ જવાથી મોત થયુ હતુ જ્યારે અન્ય એકને ગંભીર ઈજા થઈ હતી. આજે વહેલી પરોઢે બે વાગે નવી દિલ્હીમાં અતિઝડપથી દોડતી મર્સડીસ કારે આ પોલીસ જવાનને કચડી માર્યો હતો. બે કોન્સ્ટેબર દીપક સિંહ ચૌહાણ(૪૧) અને અમિત કુમાર(૨૪)ને આ બનાવમાં ઈજા થઈ હતી. આ બંને કોન્સ્ટેબલ મોટરસાઈકલ ઉપર નાઈટ પેટ્રોલિંગ ઉપર હતા. જેથી એજવેળા મર્સડીસ કારે પાછળથી ટક્કર મારી હતી. બે બાળકોના પિતા ચૌહાણને ઈજાના કારણે મોત થયુ હતુ. સમયસર સારવાર ન મળતા તેમનુ મોત થયુ હતુ. જ્યારે અમિતકુમારને પગના ભાગે ગંભીર ઈજા થઈ હતી. મર્સડીસ કારમાં રહેલા બિઝનેસમેન ગુરદિપસિંહની ધરપકડ કરી લેવામાં આવી છે તે ગ્રેટર કૈલાશ-૧ નો નિવાસી છે. અકસ્માત સર્જ્યા બાદ તે ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હતો. તપાસ દરમિયાન ગુરદિપે કહ્યુ હતુ કે તે ડ્રાઈવીંગ કરતીવેળાઉંઘી ગયો હતો તેની સામે રહેલા પોલીસ જવાનો તેને દેખાયા ન હતી. દરમિયાન ગુરદિપની સામે બેદરકારી પૂર્વક ડ્રાઈવીંગના મામલામાં કેસ દાખલ કરવામાં આવ્યો છે.

સુપ્રીમ કોર્ટે પેટ્રોલ અને ડીઝલની વધતી જતી કિંમતોના મામલે દરમિયાનગીરી કરવાનો કરેલો સાફ ઈન્કાર

નવી દિલ્હી,તા.૧૦

સુપ્રીમકોર્ટે પેટ્રોલ અને ડીઝલની વધતી જતી કિંમતોના મામલે દરમિયાનગીરી કરવાનો સાફ ઈન્કાર કર્યો છે તથા સાથે સાથે પેટ્રોલની કિંમતમાં વધારાને પરત ખેંચવાની માંગ કરતી અરજીઓને ફગાવી દીધી છે. સુપ્રીમ કોર્ટે સાફ શબ્દોમાં કહ્યું છે કે પેટ્રોલ અને ડીઝલની કિંમતો એક વ્યવસ્થાના ભાગરૂપે નક્કી કરવામાં આવે છે.

આ સંપૂર્ણ પોલિસીનો મામલો છે જેથી મોટર ફ્યુઅલ કિંમતોમાં વારંવાર તીવ્ર વધારાને પરત ખેચવાની માંગ કરતી અરજીને સુપ્રીમકોર્ટે ફગાવી દીધી છે. પૂર્વ સાંસદ પીસી થોમસ દ્વારા સુપ્રીમકોર્ટમાં અપીલ દાખલ કરવામાં આવી હતી. જેમાં તેમની જાહેર હિતની અરજીને ફગાવી દેવાના કર્ણાટક હાઈકોર્ટના આદેશને પડકાર ફેંકવામાં આવ્યો હતો. જીવન જરૂરી ચીજ વસ્તુઓ તરીકે એક અલગ વર્ગ બનાવવાની તેઓએ માંગ કરી હતી. વારંવાર ભાવ વધારા સામે અસરકારક વ્યવસ્થા લાવવાની તેઓએ રજુઆત કરી હતી. વરિષ્ઠ વકીલ શેખર નાપહાડેએ સરકારની ઈમ્પોર્ટ પેરિટી પ્રાઈઝ (આપીપી) સિદ્ધાંત મારફતે અરજીદારના મત રજુ કરવાના પ્રયાસ કર્યા હતા. થોમસે પેટ્રોલ અને ડીઝલની કિંમતોને એક અલગ વર્ગ હેઠળ મુકવાની રજુઆત કરી હતી. ઓઈલ માર્કેટિંગ કંપનીઓ આઈપીપી વ્યવસ્થા હેઠળ કિંમતો વારંવાર નક્કી કરે છે. હવે ઓએમસી દ્વારા ભાવ નક્કી કરવાનો સામનો કરવા અલગ વર્ગ બનાવવાની રજુઆત કરવામાં આવી છે. તેમણે ઉમેર્યું હતું કે ભારત સ્થાનિક રીતે ક્રુડ માંગ પૈકી ૨૫ ટકા માંગ પુરી કરે છે.

અમિતાભ બચ્ચના પેટમાં મોડીરાત્રે ફરી દુખાવો થયો

મુંબઈ,તા.૧૦

બોલિવુડના સુપરસ્ટાર અમિતાભ બચ્ચનના પેટમાં દુખાવાની તકલીફ દૂર થઈ રહી નથી. બચ્ચને ફેબ્રુઆરી મહિનામાં જ હોસ્પિટલમાં સર્જરી કરાવી હતી. પરંતુ પીડા હજુ પણ અમિતાભ બચ્ચનનો પીછો છોડી રહી નથી. અમિતાભ બચ્ચનને સોમવારે રાત્રે ફરી એકવાર દુખાવો થયો હતો. જેના કારણે અમિતાભને હોસ્પિટલમાં તબીબ પાસે જવાની ફરજ પડી હતી. અમિતાભે પોતાના ટ્વીટર એકાઉન્ટ પર આ અંગેની બાબતનો સ્પષ્ટપણે ખુલાશો કર્યો છે. અમિતાભે ટ્વીટર પર કહ્યું હતું કે ટ્વીટર પર મોડીરાત્રે આવવા માટે કારણ છે. અમિતાભે કહ્યું છે કે પીડા અને સ્ટ્રેનને લઈને તેઓ તબીબ પાસે ગયા હતા. પીડા ખૂબ જ વધારે હતી. અમિતાભે એમ પણ કહ્યું હતું કે સવારે વહેલીતકે ઉઠી જવાની ફરજ પડશે. સીટી સ્કેન કરતા પહેલા લિક્વિડ લેવાની જરૂર છે. આ અંગે તમામ પ્રકારની માહિતી અમિતાભ વારંવાર ટ્વીટર મારફતે ચાહકોને આપે છે. અમિતાભના પેટમાં પીડા અને દુખાવો હોવા છતાં આઈપીએલની રોમાંચકતાની તક અમિતાભે છોડી ન હતી.

ટુજી હરાજીમાં ભાગ લેવાનુ ટેલિનોરને મુખર્જીનુ સૂચન

નવી દિલ્હી,તા. ૧૦

નાણામંત્રી પ્રણવ મુખર્જીએ ટુજી હારજી પ્રક્રિયામાં ભાગ લેવા નોર્વેની ટેલિકોમ કંપની ટેલિનોરને આજે અપીલ કરી હતી. અને ખાતરી આપી હતી કે સરકાર શક્ય તેટલી વહેલીતકે આ કવાયત પરિપૂર્ણ કરવા માટે ઈચ્છુક છે. નોર્વેના વેપાર અને ઉદ્યોગ પ્રધાન ટ્રોન્ડના નેતૃત્વમાં વેપારી પ્રતિનિધિ મંડલ સાથે વાતચીત દરમિયાન પ્રણવ મુખર્જીએ આ ખાતરી આપી હતી. ટેલિનોરના સીઈઓ જોન ફેડરિક બક્સાસ પણ આ મીટિંગમાં ઉપસ્થિત રહ્યા હતા. પ્રણવ મુખર્જીએ સ્પષ્ટતા કરી હતી કે સરકાર ટુજી કેસમાં સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ આગળ વધી રહી છે. અલબત્ત આ પ્રક્રિયા પરિપૂર્ણ કરવામાં ૪૦૦ દિવસનો સમય લાગ્યો છે. પ્રધાને પ્રતિનિધિ મંડલને ખાતરી આપી હતી કે સરકાર શક્ય તેટલી વહેલી તકે આ પ્રક્રિયા પૂર્ણ કરવા ઈચ્છુક છે. ઓસ્લો સ્થિત ટેલિકોમ કંપની ટેલિનોર બ્રાન્ડ નેમ યૂનિનોર હેઠળ ઓપરેટ છે. ટેલિનોરે સુપ્રીમ કોર્ટના આદેશ બાદ તેના તમામ લાઈસન્સ ગુમાવી દીધા હતા. ૨૦૦૮માં જારી કરવામાં આવેલા તેના તમામ ૧૨૨ લાઈસન્સો રદ કરવા ભારત સરકારને સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યા બાદ ટેલિનોરે તેના તમામ લાઈસન્સ ગુમાવ્યા હતા. મીટિંગ બાદ બક્સાસે કહ્યુ હતુ કે અમે કામ કરવા માટે ભારત આવ્યા છે. અને અમે આ દિશામા આગળ વધી રહ્યા છે. તેમણે ઉમેર્યું હતુ કે સરકારે હરાજી પ્રક્રિયા સાથે સંબંધિત તમામ ગૂચંવણો દુર કરવી જોઈએ અને બીજી જુન સુધી આ પ્રક્રિયા પૂર્ણ કરી લેવી જોઈએ. હરાજીની પ્રક્રિયા એવી યોજવી જોઈએ જેથી નવેસરથી લાઈસન્સ મેળવવાના પ્રયાસ કરનાર કંપનીઓને નુકસાન ન થાય. ટેલિનોરના સીઈઓ ગઈકાલે વાણિજ્ય ઉદ્યોગ પ્રધાન આનંદ શર્માને મળ્યા હતા. અને આ મામલે ચિંતા વ્યક્ત કરી હતી. ટેલિનોર એક અગ્રણી વૈશ્વિક કંપની ટેલિકોમ કંપની પૈકી એક છે જેમા નોર્વેની સરકાર ૫૪ ટકા હિસ્સેદારી ધરાવે છે. ભારતના યુનિટેક વાયરલેસ લિમિટેડ સાથે તે સંયુક્ત સાહસ ધરાવે છે. આ સંયુક્ત સાહસ યુનિનોર તરીકે છે. ટેલિનોર યુનિટેક વાયરલેસમાં ૬૭.૨૫ ટકા હિસ્સો ધરાવે છે.

ઉડ્ડયનમાં એફડીઆઈ અંગે ટૂંક સમયમાં જ નિર્ણય કરાશે

નવી દિલ્હી,તા. ૧૦

સરકાર કટોકટીનો સામનો કરી રહેલી ઈન્ડિયન એરલાઈન્સમાં ખરીદી કરવા વિદેશી એરલાઈન્સોંને મંજૂરી આપવા તૈયારી કરી ચુકી છે. આ સપ્તાહમાં જ ઉડ્ડયન ક્ષેત્રમાં એફડીઆઈ અંગે નિર્ણય કરવામાં આવશે. આ હિલચાલને ખૂબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. આ હિલચાલના લીધે કટોકટીગ્રસ્ત ઘણી એરલાઈન્સને રાહત થાય તેવી શક્યતા છે. કિંગફિશરે હાલમાં ઈક્વિટી એકત્રિત કરવાના પ્રયાસો હાથ ધર્યા છે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા આજે જારી કરવામા આવેલી કેબિનેટ નોંધમાં અન્ય મંત્રાલયોં તરફથી મત મેળવવામાં આવ્યા છે. કેબિનેટને અંતિમ નોંધ ટુંક સમયમાં જ મોકલી દેવામાં આવનાર છે. કેબિનેટની મીટિંગ ગુરૂવારે મળનાર છે જેમાં અંતિમ નિર્ણય લેવામાં આવે તેવી શક્યતા છે. વિદેશી સીધા મૂડીરોકાણના સ્તર પર કોઈપણ ટિપ્પણી અધિકારીઓ દ્વારા કરવામાં આવી નથી પરંતુ ઉડ્ડયન અને નાણામંત્રાલય દ્વારા વિદેશી એરલાઈન્સ દ્વારા ૪૯ ટકા હિસ્સેદારીને મંજૂરી આપવા સહમતિ વ્યક્ત કરવામાં આવી ચુકી છે. ૪૯ ટકા એફડીઆઈ આ સેક્ટરમાં પહેલાથી જ મંજૂર કરવામાં આવી ચુકી છે. પરંતુ ભારતીય અવકાશમાં પ્રવેશ કરવાથી વિદેશી એરલાઈન્સોને મંજૂરી આપવામાં આવી નથી. સરકાર આ મામલે વહેલીતકે નિર્ણય લેવા માંગે છે. એરલાઈન્સ હાલમાં ક્કોડી હાલતમાં છે કારણ કે એરલાઈન્સ પગારની ચુકવણી કરવાની સ્થિતિમાં નથી. વૈધાનિક દેવા અને ટેક્સની ચુકવણી પણ કરવામાં આવી નથી. જેના પરિણામ સ્વરૂપે વાણિજ્ય અને ઉદ્યોગમંત્રાલયે તેની ટિપ્પણી આપવા અન્ય સરકારી સંસ્થાઓની કલાકોનો સમય આપ્યો છે. ગરૂવારે કેબિનેટની મીટિંગમાં ઉડ્ડયનમાં એફડીઆઈ અંગે અંતિમ નિર્ણય કરવામાં આવે તેવી શક્યતા છે. નાગરિક ઉડ્ડયન મંત્રાલયે માત્ર ૨૪ ટકા એફડીઆને મંજૂરી આપવાની તરફેણ કરી હતી પરંતુ મોરેથી ૨૬ ટકા સુધી તૈયારી બતાવી હતી. અજિત સિંહે ઉડ્ડયન પ્રધાન તરીકેનો હવાલો સંભાળી લીધા બાદ મંત્રાલયે તેનુ વલણ બદલી નાખ્યુ છે અને હવે ૪૫ ટકા એફડીઆઈ મર્યાદા રાખવાની વાત થઈ રહી છે. કિંગફિશર જેવી એરલાઈન્સને નાણા આપવામાં બેંકો પણ ખચકાટ અનુભવ કરી રહી છે. કિંગફિશર ઉપર ૭ હજાર કરોડનુ દેવુ બેંકો ધરાવે છે. કિંગફિશરને પણ આ મુદ્દે નિર્ણયનો ઈંતજાર છે. કિંગફિશર એરલાઈન્સે દેવાની ચુકવણી કરી નથી. તેનુ કહેવુ છે કે મૂડીરોકાણકારો સાથે મંત્રણા અંતિમ તબક્કામાં પહોચી ગઈ છે. સરકાર એફડીઆઈના નિયમોને હળવા બનાવી દેવાની સાથે તેને ઈક્વિટીની રકમ મળી જશે.

સરકારી બેંકોની નુકશાન કરતી બ્રાન્ચોને બંધ કરાશે

નવી દિલ્હી,તા. ૧૦

સરકાર જાહેર ક્ષેત્રની બેંકોની નુકશાનમાં ચાલી રહેલી શાખાઓને બંધ કરવા અથવા તો આ શાખાઓને અન્યત્ર ખસેડવાના આદેશ આપે તેવી શક્યતા છે. નાણા સચિવ ડીકે મિત્તલે આ અંગે એક પ્રશ્નના જવાબમાં કહ્યું હતું કે હાલમાં વાતચીતનો દોર ચાલી રહ્યો છે. આ બાબત માત્ર બેંકો માટે જ નહીં વિમા કંપનીઓ માટે પણ લાગુ પડી શકે છે. જો કોઈ શાખા નુકશાનમાં ચાલી રહી છે તો તે શાખામાં નવેસરથી ધ્યાન આપવામાં આવશે. એક વ્યૂહ રચનાના ભાગરૂપે આમા ફેરફાર કરવામાં આવી શકે છે. બ્રાન્ચને અન્યત્ર ખસેડવા અથવા તો કર્મચારીઓની સંખ્યામાં કાપ મુકવાની બાબત ઉપર પણ વિચારણા કરવામાં આવશે. સરકારી બેંકોને નુકશાન કરતી શાખાઓ અંગે માહિતી આપતા આદેશ આપવામાં આવ્યા છે કે કેમ તે અંગે પુછવામાં આવતા તેઓએ આ મુજબની પ્રતિક્રિયા આપી હતી. સીઆઈઆઈના કાર્યક્રમના પ્રસંગે તેમણે કહ્યું હતું કે બ્રાન્ચોને કમાણી કરવાના હેતુસર ખોલવામાં આવી હતી. દેશભરામાં જાહેર ક્ષેત્રની બેંકોની ૮૭ હજાર શાખાઓ છે. વ્યાજદરમાં વધારો અને અર્થવ્યવસ્થાની ગતિ ધીમી પડતા લોન લેનારાઓની સંખ્યા ઓછી થઈ છે. આના કારણે બેંકોના એકમો નુકશાન કરતા થઈ રહ્યા છે.